**ધોરણઃ ૩ એકમ કસોટી -1 વિષયઃગુજરાતી**

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓઃ 3.3.6,5.3.1, 2.3.2, 1.3.1, 1.3.5 તારીખઃ

સમય-૧ કલાક કુલ ગુણઃ ૨૫

---

**નોંધઃ આ કસોટીમાં જયાં પાઠયપુસ્તકનાં ચિત્રોને આધારે જવાબો લખવાના છે ત્યાં પાઠયપુસ્તકમાં જોઈને લખવાનું છે.**

**પ્રશ્ન-૧ પાઠ્યપુસ્તક પાન નં. ૩૮ ના આધારે નીચેના ચિત્રોનો સાચો ક્રમ ખાલી જગ્યામાં દર્શાવો. (૫)**

૧. પારધીએ જાળ પાથરી. ...........................

૨. કીડી પાણીમાં તણાતી હતી ...........................

3. ચિત્રમાં કબૂતર નથી ...........................

૪. કબૂતરે પાણીમાં પાંદડું ફેક્યું ...........................

૫. કબૂતર ચણ ચણવા જાળ તરફ ગયું ...........................

૬. એક કબૂતર ઝાડ પર બેઠું હતું ...........................

**પ્રશ્ન-૨ પાઠ્યપુસ્તકના પાના નંબર ૩૮ ઉપરના ચિત્રના આધારે આપેલો ફકરો ધ્યાનપૂર્વક વાંચો ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ ગોઠવી અધૂરી વાર્તા પૂર્ણ કરો (૫)**

એક ............ હતું, તે એક ઝાડ પર રહેતું હતું એ જ ઝાડ નીચે દરમાં એક ............. રહેતી ............ . બંને મિત્રો હતા. એક વખત કીડી નદીમાં પડી ગઈ. કબૂતરે ઝાડ પરથી............ ફેંકીને તેને બચાવી. એક દિવસ એક પારધીએ કબૂતરને પકડવા..........બીછાવી. તેની મિત્ર કીડીએ પારધીના પગ પર ........... ભર્યો. આથી કબૂતર બચી ગયું

**પ્રશ્ન-3 પાઠ્યપુસ્તકના પાના નંબર ૩૧ ઉપરના ચિત્રના આધારે પાંચ (5) અર્થપૂર્ણ વાક્યો લખો (૫)**

**પ્રશ્ન-૪ નીચેનો અર્થ ધરાવતી કાવ્ય પંક્તિ લખો. (૫)**

૧. હું ભિક્ષા માટે આવ્યો છું, તો થોડો લોટ આપો.

૨. બા વિનંતી કરતી બોલી કે ઘરમાં કોઈ નથી તો મને ચીપિયો ખખડાવીને ડરાવશો નહીં.

**પ્રશ્ન-૫ કાવ્યગાન શિક્ષકે વિદ્યાર્થીઓને વ્યક્તિગત કરાવવાનું રહેશે (૫)**

હું છું ખાખી બાવો કાવ્યની કોઈપણ ચાર પંક્તિ ગાઓ.

(લેખિત કસોટીનો સમય પૂર્ણ થયા બાદ આ પ્રશ્ન અંતર્ગત મૂલ્યાંકન કરવું.એક પછી એક વિદ્યાર્થીઓને બોલાવીને કાવ્યગાન કરાવવું અને તે મુજબ ગુણ આપવા)

## ધોરણ : ૪ એકમ કસોટી 1 વિષયઃ ગુજરાતી

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ-1.4.7, 3.4.2, 2.4.4, 2.4.2,4.4.5

સમય-૧ કલાક કુલ ગુણઃ ૨૫ તારીખઃ

---

**પશ્ન-૧ સમાનાર્થી શબ્દો ધરાવતાં હોય તેવાં બે બે વાક્યોની જોડ બનાવો. (૫)**

૧. માટલામાં પાણી ભરેલું છે.

૨. મુશ્કેલી પડે ત્યારે મા યાદ આવે.

૩. શિયાળામાં વાદળ વિનાનું આકાશ સ્વચ્છ હોય છે.

૪. વહેલી સવારે રવિ કોમળ તેજ પાથરી રહ્યો છે.

૫. મીંદડીની આંખો માંજરી છે.

૬. શિયાળે સૂરજનોતડકો ગમે છે.

૭. ઉંદર પાછળ બિલાડી દોડે છે.

૮. વીજળી ગગનમાં ગડગડાટ કરે છે.

૯. દાદાજીનું અવસાન થયાને ઘણો સમય થયો છતાં સ્મરણ તાજું છે

૧૦. નદીનું જળ ચોખ્ખું છે

**પ્રશ્ન-૨ પાના નં. ૪૧ પર આપેલા સરનામા મુજબ તમારું પોતાનું સરનામું લખો (૨)**

**પ્રશ્ન-3 નીચે આપેલાં જોડકાં જોડો. (૩)**

| અ-પાત્ર | | | બ-સંબોધન | |
|---|---|---|---|---|
| .1 | ગુરુજી | | .1 | પ્રિય |
| .2 | પુત્ર | | .2 | આદરણીય |
| .3 | મિત્ર | | .3 | ચિરંજીવી |
| | | | .4 | મુરબ્બી |

**પ્રશ્ન-૪ નીચેના શબ્દોને કક્કાવારીના ક્રમમાં ગોઠવો. (૨)**

પાતાળ, કીકી, ફૂકડો, ગાય

**પ્રશ્ન-૫ 'હું તો પૂછું કાવ્યમાં કવિને પ્રશ્ન થાય છે કે- "બિલાડીની આંખોમાં કીકીઓ કોણે મઢી હશે?" આ પ્રકારના પ્રશ્નો નીચેના શબ્દોની મદદથી બનાવો. (૫)**

(૧) ફૂલ (૨) મોબાઈલ (3) શાળા (૪) સૂરજ (૫) માછલી

**પ્રશ્ન-૬ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખી વાક્યો બનાવો. (૬)**

૧. આકાશ ૨. દિવસ ૩. આગળ

**પ્રશ્ન-૭ 'હું તો પૂછું કાવ્યની કોઈપણ ચાર લીટીનું ગાન કરો (૨)**

કસોટી લખવાનું કાર્ય પૂરૂં થયા બાદ શિક્ષકે કાવ્યનું ગાન દરેક પાસે કરાવી મૂલ્યાંકનકરવું.

## ધોરણઃ **5** **એકમ કસોટી 1** વિષયઃગુજરાતી

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ- 1.5.8, 3.5.1, 1.5.4, 4.5.6, 5.5.2

સમય-1 કલાક કુલ ગુણઃ 25 તારીખઃ

---

**પ્રશ્ન-1 નીચે આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.** **(3)**

ધરતી, ઉમંગ, ઝાકળ, આભ, ચરણ, ઉગમણે

**પ્રશ્ન-2 આપના પાઠ્યપુસ્તકના પાના નં. 44 પર એક આપેલ ચિત્રનું વર્ણન કરો.** **(5)**

**પ્રશ્ન-3 નીચેના શબ્દસમૂહોને પ્રાસ મળતો હોય તે રીતે ગોઠવો** **(3)**

| અ | બ |
|---|---|
| .1 કલબલાટ થાય | .1 તરવાની શક્તિને ઝંખી |
| .2 મને ગમે પંખી | .2 સુંદર રીતે ગાય |
| .3 આવ રે ચકલી આવ | .3 ઉડવું મને ગમે |
| | .4 મીઠાં-મીઠાં સપનાં લાવ |

**પ્રશ્ન-4 તમારા પાઠ્યપુસ્તકના પાન નંબર 48 પરનો ફકરો (<u>વાટ ખરચીની વધેલી</u>...... થી ...... <u>નજર ધ્રોબી સવાલ કર્યો</u>) વાંચો અને નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો** **(5)**

1. વાટ ખરચી ના પૈસા એટલે શું ?
2. વાંસણી એટલે શું ?
3. વડોદરાની બહાર પગ દીધો એટલે શું ?
4. વાલા કેસરીયાએ ઘોડો શા માટે ઉભો રાખ્યો ?
5 ‘લાચારી’ માટે આ ફકરામાં કયો શબ્દ વપરાયો છે ?

**પ્રશ્ન-5 નીચેના વાક્યોનો અર્થ આપેલા વિકલ્પમાંથી પસંદ કરો.** **(4)**

1. દીકરાને જોઈ માનું મન ઠર્યું

   (અ) માને સંતોષ થયો (બ) માનું મન ઠંડુ થયું

2. શેઠ ઉપર વાલાએ નજર ધ્રોબી.

   અ. વાલાએ નજર બગાડી. બ. વાલાએ નજરથી નજર મેળવી.

3. રોહનની સાયકલ સૌથી વેગળી છે.

   અ. રોહનની સાયકલ સુંદર છે. બ. રોહનની સાયકલ જુદી છે.

4. બાએ નવા વર્ષે મહેમાનને રામરામ કરવા કહ્યું.

   અ. બાએ ભક્તિ કરવા કહ્યું. બ. બાએ વિદાય લેવા કહ્યું.

**પ્રશ્ન-6 નીચેની સૂચનાઓ વાંચો તે અનુસાર જેનું વર્તન સૂચના મુજબ હોય ત્યાં✓ અને સૂચના મૂજબ વર્તન ન હોય ત્યાં × કરો.** **(5)**

| **સૂ ચનાઓઃ** | **વર્તન** | √ **કે** **×** |
|---|---|---|
| બગીચામાં ફૂલ-છોડ તોડવાં નહિ. | દિયા છોડનું પાંદડું તોડે છે | |
| કચરો કચરાપેટીમાં જ નાખવો. | નીલાએ પ્યાલામાં વધેલું પાણી છોડના કૂંડામાં રેડ્યું | |
| બગીચામાં લોન ઉખાડવી નહિ. | રીના બગીચાની લોન ઉખાડી રહી છે. | |
| પાણીનો બગાડ કરવો નહિ. | સૌરભ પાણી પીધા પછી નળ ચાલુ રાખે છે. | |
| | | |

## ધોરણઃ6 એકમ કસોટી -1 વિષયઃગુજરાતી

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ-3.6.1, 5.6.3, 4.6.6, 4.6.4, 5.6.3, 2.6.7, 4.6.3

સમય-1 કલાક કુલ ગુણઃ 25 તારીખઃ

---

**પ્રશ્ન-1 'આલાલીલા વાંસળિયા' માં આપેલા ચિત્ર** (પાના નં.1)**નું વર્ણન કરો.** **(5)**

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.** **(4)**

1. 'એક જાદુઈ પત્ર'માં નિરંજન પાસેનો પત્ર ખરેખર જાદુઈ હતો? શા માટે ?
2. તમને આવો જાદુઈ પત્ર મળે તો તમે તેનો કેવી રીતે ઉપયોગ કરશો?

**પ્રશ્ન-3 ઉદાહરણ પ્રમાણે સરખી ક્રિયાવાળાં વાક્યોની જોડી બનાવો.** **(3)**

ઉદા. *પરેશ ઝડપથી ચાલે છે.*

*ગઈકાલે છોકરાઓ પાંચેક કિલોમીટર ચાલ્યા હશે.*

1. મિનેષ વિજ્ઞાનમેળામાં ગયો હતો
2. ફૂલછોડ તોડવા નહીં
3. સંજ્ઞા સરસ ગીતો ગાય છે.
4. ગઈકાલે મારા નાના ભાઈએ ગ્લાસ તોડ્યો.
5. રાકેશ ફિલ્મ જોવા જાય છે.
6. પરેશે દેશભક્તિનું ગીત ગાયું

**પ્રશ્ન-4 આપેલ શબ્દને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.** **(4)**

મૂર્તિ મૃદુ, મંત્ર, મોક્ષ

**-5 એક જાદુઈ પત્રની વાર્તાના પાના નં. 6 પર આપેલા ફકરા(** કેમ કે ખોટું કહેતો હતો ..... **(4)**
થી....... તેની પણ સમજ પડે તેમ નહોતું **)ના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. ઘડીભર ઝંખવાણો પડી ગયા પછી કોનો ચહેરો એકાએક ચમકી ઉઠ્યો?
2. લેખકે કહ્યું રવિવારે ફિલ્મ જોવાનો પત્તો જ ન ખાય. અહીં ' પત્તો જ ન ખાય ' એટલે શું ?
3. કેમ હું ખોટું કહેતો હતો? આ વાક્ય કોણ કોને કહે છે.
4. પત્રમાંના અક્ષર કેવા હતા?

પ્રશ્ન 6 નીચેના વાક્યોમાંથી નામપદ ઓળખીને તેનો પ્રકાર દર્શાવો. (6)

1. ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે.
2. દૂધ મીઠું હોય છે.
3. લશ્કરે લડાઇ માટે કૂચ કરી.

**ધોરણઃ 7** **એકમ કસોટી - 1** **વિષયઃગુજરાતી**

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ-2.7.6, 1.7.1, 4.7.5, 2.7.7, 1.7.8, 4.7.1, 2.7.9 તારીખઃ

સમય-1 કલાક કુલ ગુણઃ 25

---

**પ્રશ્ન-1 નીચે આપેલ વિભાગ અ અને વિભાગ બ યોગ્ય રીતે જોડો.** **(4)**

| અ (પ્રસંગ) | બ(ગુણ) |
|---|---|
| 1. રમત-ગમતથી અણગમો | સત્ય બોલવું |
| 2. કસરતમાંથી મુક્તિ | ખરાબ અક્ષર |
| 3. અધૂરી કેળવણી | પિતૃ સેવા |
| 4. સોનાના કડાની ચોરી | શરમાળ પ્રકૃતિ |

**પ્રશ્ન-2 તમારી શાળા વિશે પાંચ વાક્યો લખો.** **(5)**

**પ્રશ્ન-3 'અખબારી નોંધ' (પેજ નંબર 4 પર)ની જાહેરાત વાંચીને પ્રશ્નોના જવાબ આપો.** **(4)**

1. આ જાહેરાત સરકારના કયા વિભાગની છે ?
2. સોલ્જર ટેકનિકલ એટલે શું ?
3. આ જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત શું છે?
4. આ જગ્યા પર પસંદ થયેલ ઉમેદવારે શું કાર્ય કરવાનું રહેશે?

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલ વિધાન વાંચી તેને લાગુ પડતી કાવ્યપંક્તિ લખો** **(4)**

1. 'મા' પ્રભુની સુંદર મૂર્તિ સમાન છે
2. 'મા'ના શબ્દો વહાલથી ભરેલા હોય છે.
3. આકાશનાં વાદળો ઘડીક વરસીને અટકી જાય છે.
4. 'મા'નો પ્રેમરૂપી પ્રકાશ ક્યારેય ઓછો થતો નથી.

**(બ) નીચે આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં લખો.** **(3)**

દૈનિક, તંત્રી, અનુસંધાન, જાહેર ખબર, અનુભવ, પત્રકાર

**પ્રશ્ન-5 આપની શાળાના આચાર્યનું ઈન્ટરવ્યુ લેવાનું છે તમે તેમને કયા પાંચ પ્રશ્નો પૂછશો?** **(5)**

**પ્રશ્ન-6 'જનની' કવિતાની કોઈપણ ચાર પંક્તિઓનું ગાન બાળકો પાસે કરો. (2)**

**ધોરણ:8** **એકમ કસોટી 1** **વિષય:ગુજરાતી**

સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ- 2.8.1, 5.8.3, 2.8.4, 1.8.8, 2.8.9,4.8.6,2.8.10

સમય-1 કલાક કુલ ગુણ: 25 તારીખ:

---

**પ્રશ્ન-1 પાન નં.1 પર આપેલ ચિત્રનું વર્ણન કરો** **(5)**

**પ્ર-2 પાના નં.7 પરના 'આ વિચારથી... બંધ પડી ગયું.' ફકરાના આધારે ઉત્તર લખો.** **(5)**

1. લેખકે સંકલ્પ કરી નાખ્યો કે...
   - સવારે પાંચ વાગ્યા પહેલાં ઊઠવું નહિ
   - સવારે પાંચ કે પાંચ વાગ્યા પહેલાં ઊઠી જવું
   - દરરોજ પાંચ વાગે ઊઠવાની જરૂર નથી
2. બીજની સવારે લેખક સાડા સાત વાગ્યે ઊઠ્યા કારણ કે...
   - બીજનો દિવસ હતો.
   - વહેલા ઊઠવાની ચિંતા હતી.
   - અગાઉના દિવસની થકાવટના લીધે.
3. સંકલ્પ લીધાના કયા દિવસે લેખકે એલાર્મ ગોઠવવામાં ભૂલ કરી?
   - ત્રીજા દિવસે
   - છઠ્ઠા દિવસે
   - સાતમા દિવસે
4. પાંચમની રાત્રે લેખકને રાતના દોઢ સુધી ઊંઘ ન આવી કારણ કે....
   - દિવસ ઘણો આરામ કર્યો હતો.
   - એલાર્મ ગોઠવાયું ન હતું
   - સવારે વહેલા કઈ રીતે ઊઠશો? તેના વિચાર કર્યા.
5. ઘડિયાળનું સમારકામ કેટલા દિવસ સુધી ચાલ્યું?
   - છ દિવસ
   - પંદર દિવસ
   - આઠ દિવસ

**પ્ર-3 'નવા વર્ષના સંકલ્પો' એકમમાં તમને સૌથી વધુ હસવું કઈ બાબતમાં આવ્યું?** **(2)**

**પ્ર-4 તમે અનુભવેલો કે જોયેલો કોઈ એક રમૂજી પ્રસંગ લખો** **(5)**

**પ્ર-5 નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં લખો.** **(2)**

આંચકો, અંજન, અવાજ, આંખ

**પ્ર-6 નીચેનામાંથી દ્વંદ્વ સમાસ ઓળખો અને નીચે લીટી દોરો.** **(3)**

1. મેદાનમાં દસબાર છોકરાં રમતાં હતાં

2. લવકુશ શ્રીરામના પુત્રો હતા

3. ગામમાં રાધાકૃષ્ણનું મંદિર આવેલું છે

**પ્ર-7 'શરૂઆત કરીએ' કાવ્યની કોઈ પણ ચાર પંક્તિઓનું આરોહઅવરોહપૂર્વકગાન કરો.(3)**